# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-05-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GUJARAT VIDHYAPITH GNAN SANCHAY

જ્ઞાન સંગ્રહને વધુ વ્યાપક બનાવવાના હેતુથી વિશ્વ પુસ્તક દિવસની ઉજવણીના ભાગરૂપે ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય દ્વારા આજે “જ્ઞાન સંચય મહોત્સવ – 2026” યોજાયો છે. આ એક દિવસીય વિશેષ અભિયાન દ્વારા જાહેર જનતા, સંસ્થાઓ અને વાચકોને પુસ્તક દાન દ્વારા જ્ઞાનના વહેંચાણમાં સહભાગી કરવાનો મુખ્ય આશય છે. આ મહોત્સવનો મુખ્ય ઉદ્દેશ વાંચન સંસ્કૃતિને મજબૂત બનાવવાનો અને જ્ઞાનને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવાનો છે તેમ ગૂજરાત વિદ્યાપીઠના નાયબ ગ્રંથપાલ રંજન મકવાણાએ કહ્યું હતું.

(BYTE – RANJAN MAKWANA, DEPUTY LIBRARIAN)

જ્ઞાન સંચય મહોત્સવમાં પુસ્તકો અર્પણ કરનારા મણીભાઇ પટેલે કહ્યું હતું કે આજની નવી પેઢી જ્ઞાનવર્ધનક પૂસ્તકો વધુને વધુ વાંચે તે સમયની માંગ છે.

(BYTE – MANIBHAI PATEL)

જ્ઞાનની વહેંચણી અને સંસ્કારના સંવર્ધન તરફ  આ નૂતન પહેલ એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે.

# NEET EXAM

સ્નાતક તબીબી શિક્ષણમાં પ્રવેશ માટેની રાષ્ટ્રીય પાત્રતા અને પ્રવેશ પરીક્ષા-NEETનું આજે રાજ્ય સહિત દેશભરમાં આયોજન કરાયું છે. સાંજે પાંચ વાગ્યા સુધી રાજ્યના 31 શહેરોના 211 કેન્દ્રોમાં આ પરીક્ષા ચાલશે. કુલ 720 ગુણના પેપરમાં 360 ગુણનું જીવ વિજ્ઞાન અને 180-180 ગુણના ભૌતિક શાસ્ત્ર અને રસાયણ વિજ્ઞાનના પેપર લેવાશે. રાજ્યના 80 હજાર જેટલા વિધાર્થી આ પરીક્ષા આપી રહ્યા છે. વલસાડ જિલ્લાના 10 કેન્દ્રો પર કુલ 3 હજાર 252 વિદ્યાર્થીઓ અને જુનાગઢ જિલ્લામાં 2 હજાર 107 વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપી રહ્યા છે.

# GPSC TAT

રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આજે 3 થી 6 વાગ્યા દરમિયાન 6 જિલ્લામાં શિક્ષક અભિરુચિ કસોટી યોજાશે. એક હજાર 58 પરીક્ષા કેન્દ્રો કુલ 2 લાખ 10 હજાર 580 ઉમેદવારો પરીક્ષા આપશે. પરીક્ષા કેન્દ્રો ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. દરેક જિલ્લા અને રાજ્ય કક્ષાએ નિરીક્ષકોની પણ નિમણૂક કરવામાં આવી છે.

બીજી તરફ ગુજરાત જાહેર સેવા આયોગ-GPSC દ્વારા આજે મદદનીશ ઇજનેરની પરીક્ષાનું આયોજન કરાયું. બપોરે 1 વાગ્યે પૂર્ણ થયેલી આ પરીક્ષામાં 18 હજારથી વધુ ઉમેદવારો હાજર રહ્યા. રાજ્યના 60 થી વધુ કેન્દ્રો પર આ પરીક્ષા યોજાઇ હતી.

# DAMAN- INDUSTRIAL EXPO & BOOK FAIR

કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સિતારમન 5 મે ના રોજ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ વહીવટીતંત્ર દ્વારા આયોજિત ઔદ્યોગિક પ્રદર્શન અને બુક ફેરમાં ઉપસ્થિત રહેશે.

અમારાં દમણના પ્રતિનિધિ પ્રદીપ ભાવસારના જણાવ્યા મુજબ આ પ્રદર્શનનું ઉદ્ઘાટન સાંજે 6 વાગ્યે થશે. કાર્યક્રમમાં પ્રશાસક પ્રફુલ પટેલ પણ ઉપસ્થિત રહેશે. પ્રદર્શનમાં સ્ટોલ લગાવવા ઇચ્છુક ઉદ્યોગોને 5 મેની સવાર સુધીમાં સ્થળ પર સેટ-અપ પૂર્ણ કરવાની સૂચના આપવામાં આવી છે. આ ઔદ્યોગિક એક્સ્પોમાં 80થી વધુ સ્ટોલ રહેશે તેમજ બુક ફેર માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત વહીવટીતંત્ર દ્વારા સ્ટોલ માટે માર્ગદર્શિકા પણ જાહેર કરવામાં આવી છે.

# KUTCH DRONE

કચ્છના દરિયાકાંઠેથી આજે ડ્રોનનો એક ભાગ મળી આવ્યો છે. પશ્ચિમ કચ્છના સિંધોડી ગામ પાસેથી આ ડ્રોનના પાંખિયાનો અંદાજે 10 ફૂટ લાંબો અને 3 ફૂટ પહોળો ભાગ મળી આવતા સુરક્ષા એજન્સી સતર્ક બની છે. ત્યારે આ ભાગ વાયુસેનાને સોંપવાની તજવીજ હાથ ધરાઈ છે.

# IPL

IPL ક્રિકેટમાં આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સનો મુકાબલો પંજાબ કિંગ્સ સામે થશે. આ મેચ સાંજે 7.30 વાગ્યે રમાશે. જ્યારે બીજી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદનો મુકાબલો કોલકાતા નાઈટ રાઈડર્સ સામે થશે. આ મેચ બપોરે 3:30 વાગ્યે હૈદરાબાદમાં રમાશે.

# TAPI

સમગ્ર રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે, ત્યારે તાપી જિલ્લા વનવિભાગ દ્વારા જંગલના વિસ્તારોમાં જ્યાં પાણીના સ્ત્રોત નહિવત હોઈ ત્યાં વોટર પોઇન્ટ બનાવવામાં આવ્યા છે. જ્યારે પાણી તેમાં પૂરું થઈ જાય તો ફરીથી કુંડમાં પાણી રિચાર્જ કરવામાં આવી રહ્યા છે. વિભાગ દ્વારા જંગલોમાં જ્યાં પ્રાણીઓની અવરજવર વિશેષ હોય તેવા સ્પોટ પર ટ્રેકિંગ કેમેરા સાથે પાણીના કુંડ બનાવ્યા છે. જેથી હિંસક પ્રાણીઓની ગતિવિધિ પર નજર રાખી શકાય.